


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 127
Dt.: 14-03-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### સેન્સેક્સ ૧૪૭૦ પોઈન્ટ તો નિફ્ટીમાં ૪૮૮ પોઈન્ટનો ઘટાડો

# શેર બજારમાં કડાકો: રોકાણકારોના ૧૦ લાખ કરોડ સ્વાહા થઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ઈરાન યુદ્ધના કારણે વધતા ભૂ-રાજનૈતિક તણાવની સીધી અસર આજે ભારતીય શેરબજાર પર જોવા મળી હતી. સપ્તાહના છેલ્લા દિવસ શુક્રવારે તેમજ સતત ત્રીજા ટ્રેડિંગ દિવસે બજારમાં ભારે ઘટાડો નોંધાયો હતો અને સવારથી જ દલાલ સ્ટ્રીટ પર વેચવાલીનું દબાણ થતાં રેડ ઝોનમાં જોવા મળ્યું હતું. આ તીવ્ર ઘટાડાને કારણે માત્ર ગણતરીના કલાકોમાં જ રોકાણકારોના અંદાજે ૧૦ લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા હતા.

સપ્તાહના અંતિમ દિવસે મ્જીઈ સેન્સેક્સ ૧૪૭૦.૫૦ પોઈન્ટ ગગડીને ૭૪,૫૬૩ ના સ્તર પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ પણ ૪૮૮.૦૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩,૧૫૧.૧૦ ના સ્તર પર આવીને સ્થિર થયો હતો. વૈશ્વિક અનિશ્ચિતતા અને રોકાણકારોની સાવચેતીને કારણે બજારમાં ચોતરફ વેચવાલી જોવા મળી રહી છે, જેના કારણે મુખ્ય સૂચકાંકો પર ભારે દબાણ રહ્યું હતું. BSEમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયા ઘટી ગયું હતું. બજારમાં ઘટાડાના મુખ્ય ચાર કારણો છે, જે નીચે મુજબ છે. ઈરાન દ્વારા બે ઓઈલ ટેક્રરો પર હુમલા બાદ ક્રૂડ ઓઈલના સપ્લાય અંગે ચિંતા વધી ગઈ છે, ખાસ કરીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી સપ્લાય ખોરવાઈ જવાનો ડર છે. આ જ કારણે ગુરુવારે બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ હતી અને આજે શુક્રવારે પણ તે ૧૦૦.૫ ડોલરની આસપાસ રહી હતી. ભારત તેની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે, તેથી તેલના ભાવ વધવાથી આયાત બિલ, મોંઘવારી અને કંપનીઓના ખર્ચમાં વધારો થાય છે. જેની સીધી અસર શેર બજાર પર પડી રહી છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે વિશ્વભરના શેરબજારો દબાણમાં છે. એશિયામાં KOSPI, Nikkei ૨૨૫, SSE Composite Index અને Hang Seng Index ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા છે. અમેરિકામાં પણ બજાર નબળું રહ્યું હતું. Dow Jones ૭૦૦થી વધુ પોઈન્ટ ગબડીને આ વર્ષે પ્રથમ વખત ૪૭,૦૦૦ની નીચે બંધ થયો હતો. આ સિવાય S&P ૫૦૦ અને Nasdaq Compositeમાં પણ મોટો ઘટાડો નોંધાયો હતો. સ્થાનિક બજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII)ની વેચવાલી ચાલુ છે. એક્સચેન્જના આંકડા મુજબ, ગુરુવારે



FIIએ અંદાજે ૭,૦૪૯.૮૭ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો ૩૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના શેર વેચવાલી કરી ચૂક્યા છે.

શુક્રવારે ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે વધુ નબળો પડ્યો હતો. રૂપિયો ૧૨ પૈસા ઘટીને ૯૨.૩૭ ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૯૨.૩૩ પર ખુલ્યો હતો અને દિવસ દરમિયાન ૯૨.૩૭ સુધી ઘટી ગયો હતો.

૧. કાચા તેલના વધતા ભાવથી બજારમાં ઘટાડો : વૈશ્વિક સ્તરે કાચા તેલ (Crude Oil) ની કિંમતોમાં આવેલી તેજીએ શેરબજાર પર દબાણ વધાર્યું છે. વાસ્તવમાં, ઈરાન દ્વારા બે ઓઈલ ટેક્રરો પર હુમલાના સમાચાર બાદ હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) ના માર્ગે તેલનો પુરવઠો ખોરવાવાની આશંકા વધી ગઈ છે. આ જ કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત અંદાજે ૧૦૦ ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગઈ છે. ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર હોવાથી, મિડલ ઈસ્ટની આ સ્થિતિએ બજારમાં અનિશ્ચિતતા પેદા કરી છે.

૨. વૈશ્વિક સ્તરે નબળા સંકેતો : ઈરાન-ઈઝરાયેલ વિવાદની અસર વૈશ્વિક બજારો પર પણ જોવા મળી રહી છે. એશિયાના અન્ય બજારોની વાત કરીએ તો જાપાનનો નિક્કેઈ ૨૨૫, ચીનનો SSE કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યા છે. આ સાથે જ અમેરિકન બજારમાં પણ દબાણ જોવા મળ્યું હતું. એકંદરે વૈશ્વિક સ્તરે મળેલા નેગેટિવ સંકેતોને કારણે ભારતીય શેરબજારમાં કડાકો બોલાયો છે.

૩. વિદેશી રોકાણકારોની વેચવાલી : ભારતીય બજારમાં ઘટાડાનું એક મોટું કારણ વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવી રહેલી સતત વેચવાલી પણ છે. એક્સચેન્જના આંકડા મુજબ, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FII) અંદાજે ૭,૦૪૯.૮૭ કરોડ રૂપિયાના શેર વેચી દીધા હતા. એટલું જ નહીં, માર્ચ મહિનાની શરૂઆતથી અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો કુલ મળીને ૩૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની વેચવાલી કરી ચૂક્યા છે. આ મોટા પાયે થયેલી નિકાસની અસર બજારની ચાલ પર સ્પષ્ટ દેખાઈ રહી છે.

૪. ડોલર સામે રૂપિયો નબળો પડ્યો : કરન્સી માર્કેટમાં રૂપિયા પર દબાણ સાફ જોવા મળી રહ્યું છે.

શુક્રવારે ભારતીય ચલણ ૧૨ પૈસા ગગડીને ડોલર સામે ૯૨.૩૭ ના સ્તરે પહોંચી ગયુંહતું, જે અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરો પૈકીનું એક છે. નિષ્ણાતોના મતે કાચા તેલના ઉંચા ભાવ અને વિદેશી રોકાણકારોની વેચવાલીને કારણે રૂપિયો દબાણમાં છે. જ્યારે રૂપિયો નબળો પડે છે ત્યારે આયાત મોંઘી થાય છે, જેનાથી મોંઘવારી વધવાની આશંકા પણ તેજ બને છે.

### ચૂંટણી કમિશનર સામે વિપક્ષનો મોરચો : આમ આદમી પાર્ટીએ પણ નોટિસ પર સહી કરી

## CEC જ્ઞાનેશ કુમારને હટાવવા સંસદમાં નોટિસ, ૧૯૩ સાંસદો એકસાથે!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના ઈતિહાસમાં એક અનોખી ઘટના સામે આવી છે. સ્પીકર બાદ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટે વિપક્ષે મહાભિયોગ લાવ્યો છે. ૧૯૩ વિપક્ષી સાંસદોએ નોટિસ પર સહી કરી છે. સૂત્રોએ ગુરુવારે આ માહિતી આપી હતી. સૂત્રો અનુસાર, લોકસભાના ૧૩૦ અને રાજ્યસભાના ૬૩ સભ્યોએ આ નોટિસ પર સહી કરી છે. શક્યતા છે કે આ નોટિસ આજે એટલે કે શુક્રવારે સંસદના કોઈ એક ગૃહમાં રજૂ થઈ શકે છે, પણ હજુ સ્પષ્ટ નથી કે કયા ગૃહમાં રજૂ થશે. વિપક્ષના એક નેતાએ જણાવ્યું કે સાંસદોએ નોટિસ અંગે ખૂબ ઉત્સાહ બતાવ્યો અને જરૂરી સંખ્યા પૂરી થયા પછી પણ ગુરુવારે ઘણા સાંસદોએ સહી કરી હતી.

નિયમો અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા માટે લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ અને રાજ્યસભાના ૫૦ સાંસદોની સહી જરૂરી છે. એક અન્ય સૂત્ર મુજબ, આ નોટિસ પર વિપક્ષી ગઠબંધન INDIAના તમામ પક્ષોના સાંસદોએ સહી કરી છે. આમ આદમી પાર્ટી હવે ભલે આ ગઠબંધનનો સત્તાવાર ભાગ નથી, તેમ છતાં પણ તેમના સાંસદોએ નોટિસ પર સહી કરી છે. આ પહેલીવાર છે જ્યારે મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા માટે આવી નોટિસ આપવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નોટિસમાં મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ ૭ આરોપ મૂકવામાં આવ્યા છે, જેમાં ત્રણ મુખ્ય આરોપ- પદ પર રહીને પક્ષપાતી અને ભેદભાવપૂર્ણ વર્તન, ચૂંટણીમાં થયેલી છેતરપિંડીની તપાસમાં જાણીજોઈને અવરોધ ઊભો કરવો અને મોટા પાયે મતદારોને મતાધિકારથી વંચિત રાખવા. આ સિવાય વિપક્ષી પક્ષોએ અનેક વખત મુખ્ય ચૂંટણી કમિશનર પર સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટીની મદદ કરવાનો આરોપ મૂક્યો છે, ખાસ કરીને મતદાર યાદીની વિશેષ ચર્ચા SIR પ્રક્રિયા અંગે છે. તેમનો આરોપ છે કે આ પ્રક્રિયા કેન્દ્રની સત્તાવાર પાર્ટીને ફાયદો પહોંચાડવા માટે કરવામાં આવી રહી છે.

પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયા અંગે ખાસ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ અધ્યક્ષ મમતા બેનર્જીએ ચૂંટણી પંચ પર વાસ્તવિક મતદારોના નામ કાઢી નાખવાનો આરોપ મૂક્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયા મહાભિયોગ છે, જે સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટના કોઈ જજને હટાવવા માટે અપનાવવામાં આવે છે. મહાભિયોગ માત્ર સાબિત થયેલા ખરાબ આચરણ અથવા અયોગ્યતા આધારિત જ લગાડી શકાય છે. મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી હટાવવાનો પ્રસ્તાવ સંસદના કોઈપણ ગૃહમાં રજૂ કરી શકાય છે અને તેને વિશેષ બહુમતીથી પસાર કરવું જરૂરી છે, જેમાં ગૃહની કુલ સભ્ય સંખ્યા પર આધારિત બહુમતી અને હાજર તથા મતદાન કરનાર સભ્યોમાંથી બે-તૃતીયાંશ બહુમતીની જરૂરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક સંબંધિત કાયદા અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનરને એ જ રીત અને આધાર પર હટાવી શકાય છે, જેમ સુપ્રીમ કોર્ટના જજને હટાવવામાં આવે છે. ન્યાયાધીશ અધિનિયમ ૧૯૬૮ અનુસાર, જો બંને ગૃહોમાં પ્રસ્તાવની જાણ એક જ દિવસે આપવામાં આવે, તો બંને ગૃહોમાં પ્રસ્તાવ મંજૂર થાય ત્યાં સુધી કોઈ સમિતિ રચાશે નહીં. બંને ગૃહોમાં પ્રસ્તાવ મંજૂર થયા પછી, લોકસભા અધ્યક્ષ અને રાજ્યસભાના અધ્યક્ષ દ્વારા સંયુક્ત રીતે સમિતિ રચાશે. આ સમિતિમાં મુખ્ય ન્યાયમૂર્તિ (CJI) અથવા સુપ્રીમ કોર્ટના કોઈ જજ, ૨૫ હાઈકોર્ટમાંથી કોઈ એકના મુખ્ય ન્યાયમૂર્તિ અને એક પ્રતિષ્ઠિત ન્યાયવિદ હશે.

સમિતિની કાર્યવાહી અદાલતની કાર્યવાહી જેવી જ હોય છે, જેમાં સાક્ષીઓ અને આરોપીઓની પૂછપરછ થાય છે. મુખ્ય ચૂંટણી કમિશનરને પણ સમિતિ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળશે. નિયમ અનુસાર, સમિતિ પોતાનો રિપોર્ટ રજૂ કરે, પછી તે ગૃહમાં રજૂ થશે અને પછી મહાભિયોગની પ્રક્રિયા શરૂ થશે.

પ્રસ્તાવ બંને ગૃહોમાં પસાર થવો જરૂરી છે. જ્યારે ગૃહમાં પ્રસ્તાવ પર ચર્ચા થશે, ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને ગૃહના પ્રવેશદ્વાર પર ઊભા રહીને પોતાનો બચાવ કરવાનો અધિકાર મળશે.

## UPમાં જૈશ-એ-મોહમ્મદ જેવી ટ્રેનિંગ, વકીલ સહિત ૬ પકડાયાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝિયાબાદ

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં ખૂંખાર આતંકવાદી બનવા તાલીમ લઈ રહેલા ૬ સ્થાનિકોને પોલીસે ઝડપી લીધા છે.

કુખ્યાત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ પાસેથી ટ્રેનિંગ લઈ રહેલા આ સંગઠનનો વડો માત્ર ૨૦ વર્ષનો સાવેજ છે. સાવેજે પોતાના જૂથમાં એક વકીલ અને વકીલાતના વિદ્યાર્થી ઉપરાંત બે શ્રમિકોને પણ સામેલ કર્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, મસૂરી પોલીસ સ્ટેશન વિસ્તારના નાહલ ગામમાં દરોડો પાડી આરોપીઓને ઝડપી લેવાયા છે. આરોપીઓ પાસેથી એક મોબાઈલ, પ્રતિબંધિત સંગઠનોના વીડિયો, લિન્ક વગેરે મળી આવ્યા છે. નાહલમાં રહેતો સાવેજ અબ્દુલ કાદિર અન્ય કેટલાક લોકો સાથે મળી દેશ વિરોધી પ્રવૃત્તિઓ આચરી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

### LPG સંકટ વચ્ચે કેન્દ્ર સરકારની પ્રેસ કોન્ફરન્સ

## ઓઈલ-ગેસનો પૂરતો સ્ટોક, કાળાબજારીઓ પર થશે કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડિલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઉર્જા સંકટની આશંકાઓ વચ્ચે ભારતમાં ગેસ સિલિન્ડરની અછત અંગે અનેક અફવાઓ ઉડી રહી છે. આ સ્થિતિ સ્પષ્ટ કરવા માટે પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ પ્રેસ કોન્ફરન્સ યોજી દેશવાસીઓને ગભરાટમાં આવીને પૅનિક બુકિંગ ન કરવા માટે અપીલ કરી છે. સુજાતા શર્માએ જણાવ્યું કે, "દેશમાં સરેરાશ દરરોજ ૫૦ થી ૫૫ લાખ સિલિન્ડરનું બુકિંગ થતું હોય છે, પરંતુ અફવાઓને કારણે છેલ્લા કેટલાક દિવસોમાં આ આંકડો વધીને ૭૫-૭૬ લાખ સુધી પહોંચી ગયો છે." તેમણે સ્પષ્ટ કર્યું કે, પુરવઠો પૂરતો છે, માત્ર લોકો જરૂર કરતા વધારે બુકિંગ કરી રહ્યા હોવાથી સિસ્ટમ પર દબાણ વધી રહ્યું છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓના કોલ સેન્ટરમાં સીટો વધારીને ૪૦૦ કરવામાં આવી છે અને ટેલિફોન લાઈનોની સંખ્યા ૫૦ કરાઈ છે, જેથી લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકે.પેટ્રોલિયમ મંત્રાલય અને કન્ઝ્યુમર અફેર્સ વિભાગે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે બેઠક યોજી છે. સંગ્રહખોરી અને બ્લેક માર્કેટિંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા પ્રશાસન, DM અને SPને સૂચના અપાઈ છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સહિતના અનેક રાજ્યોમાં ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. દેશભરમાં ગેરકાયદે સ્ટોરેજ અને ચોરી સામે પોલીસે સપાટો બોલાવ્યો છે.

ઝાંસીમાં સિલિન્ડર ભરેલો ચોરાયેલો ટ્રક પોલીસે શોધી કાઢ્યો છે, જ્યારે હાપુડમાં ગેરકાયદે સિલિન્ડર ઝડપાતા ગોદામ સીલ કરાયું છે. ફૂડ એન્ડ સિવિલ સપ્લાય વિભાગે અનેક સ્થળોએ દરોડા પાડી ગેરકાયદે સ્ટોર કરેલા સિલિન્ડરો જપ્ત કર્યા છે. "અફવાઓ પર વિશ્વાસ ન કરો. દેશમાં ફ્યુઅલ સપ્લાય સતત ચાલુ છે અને રાજ્ય સરકારો સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું છે. જરૂરિયાત મુજબ જ બુકિંગ કરાવો જેથી દરેક નાગરિક સુધી ગેસ પહોંચી શકે."

### ઈરાનની ધમકીથી હડકંપ, ભારત માટે ચિંતાજનક!

## હોર્મુઝ બાદ હવે બાબ અલ-મંદેબ પણ બંધ થઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકાનું યુદ્ધ હવે વધુ વકરી રહ્યું છે. એક ઈરાની સૈન્ય અધિકારીએ એવી ચેતવણી ઉચ્ચારી છે કે જો અમેરિકા રણનીતિક ભૂલ કરશે તો ઈરાન હોર્મુઝ બાદ બીજા સ્ટ્રેટેજિક વોટરવેઝ એટલે કે બાબ અલ મંદેબને પણ બંધ કરી દેશે. એનર્જી લાઈફલાઈન કહેવાતા હોર્મુઝ સ્ટ્રેટના બંધ થવાથી ભારત સહિત સમગ્ર દુનિયામાં ઓઈલ અને ગેસના સપ્લાયને લઈને હાહાકાર મચેલો છે. આવામાં જો બાબ અલ મંદેબ પણ બંધ થઈ ગયો તો દુનિયાનો એનર્જી સપ્લાય વધુ ઠપ્પ થઈ શકે છે. જેની અસર ભારત સહિત દેશો પર પડી શકે છે. કારણ કે તેલ અને ગેસની આયાત માટે ૮૦-૯૦ ટકા સુધી આ દેશો ખાડી દેશો પર નિર્ભર રહે છે. હોર્મુઝ બંધ તવાથી ભારતના ઓઈલ અને ગેસના સપ્લાય પર અસર પડી છે. હવે બાબ અલ મંદેબ ભારતની ચિંતા વધારી શકે છે.

વિશેષજ્ઞો બાબ અલ મંદેબને ઈરાનો બીજો હોર્મુઝ સ્ટ્રેટ કહે છે. તે ઈરાનનો એક એવો પ્રેશર પોઈન્ટ છે જ્યાં ઈરાન યમનમાં પોતાના સહયોગી હૂતી વિદ્રોહીઓને પાવર આપી શકે છે. આ હૂતી વિદ્રોહીઓએ ઈઝરાયેલના ગાઝા પર હુમલા દરમિયાન લાલ સાગરમાં કોહરામ મચાવ્યો હતો. અહીંથી ઓઈલ ટેક્રરો જતા પણ બીતા હતા. ત્યારબાદ અમેરિકાએ પોતાની નેવી તૈનાત કરવાની ફરજ પડી હતી. હવે સવાલ એ છે કે બાબ અલ મંદેબ આમ તો ઈરાનથી ઘણું દૂર છે અને તેનો તે વિસ્તાર પર અધિકાર પણ નથી તો પછી તે આવી ધમકી કેમ આપે છે. જેનું કારણ એ છે કે ઈરાને યમનમાં હૂતીઓના આંદોલનનું સમર્થન કરેલું છે અને આ હૂતીઓનો જ બાબ અલ મંદેબ પર કબજો છે. નવેમ્બર ૨૦૨૩થી જ હૂતી સુરક્ષા દળોએ લાલ સાગરમાંથી પસાર થતા વેપારી જહાજો પર ૧૦૦થી વધુ હુમલા કર્યા જેનાથી ૬૦થી વધુ દેશો પ્રભાવિત થયા હતા. જેની અસર એ પડી કે ૨૦૨૪ના અંતમાં બાબ અલ મંદેબમાથી પસાર થતા ઓઈલના જહાજોનો ફ્લો ૫૦ ટકાથી વધુ ઘટી ગયો. જેમાં લક્વિડ નેચરલ ગેસ એટલે કે LNG ટેક્રર પણ સામેલ છે. હૂતી ભલે આ યુદ્ધમાં સીધી રીતે સામેલ નથી પરંતુ તેણે ચેતવણી આપેલી છે કે તેની આંગળીઓ ટ્રિગર પર જ છે. બાબ અલ મંદેબને અરબી ભાષામાં દુખનું દ્વાર કહે છે. તે ૨૬ કિમીનો એક સમુદ્રી સાંકડો માર્ગ છે જે યમન અને હોર્ન ઓફ આફ્રીકાના દેશ જિબૂતી વચ્ચે છે. તે લાલ સાગરમાં પ્રવેશ કરવાનો ગેટ પણ છે. જ્યાંથી પસાર થઈને સુવેજ નહેર સુધી પહોંચી શકાય છે. આ સાથે જ લાલ સાગરને એડનની ખાડી સાથે પણ જોડે છે. તે હિન્દ મહાસાગર માટે પણ પહોંચ આપે છે. તે ભારતથી લગભગ ૪૦૦૦ કિમી દૂર છે.






### ગેસની અછત વચ્ચે ગેસ એજન્સીઓના નામે છેતરપિંડી

## સાવધાન! અત્યારે પેમેન્ટ કરી દો, કાલે સિલિન્ડર મળી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયાના કેટલાક ભાગોમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે સામાન્ય માણસના રસોડા સુધી પહોંચી છે. ભારતમાં ગેસ સિલિન્ડરની અછતનો ફાયદો ઉઠાવીને સાયબર ઠગ હવે સક્રિય થયા છે. સોશિયલ મીડિયા, WhatsApp અને SMS દ્વારા એક નવો સ્કેમ તેજીથી ફેલાઈ રહ્યો છે, જેમાં LPG સિલિન્ડર યુઝર્સને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ઠગબાજો લોકોને એવા મેસેજ મોકલે છે કે જો તમે અત્યારે ઓનલાઈન પેમેન્ટ કરશો, તો બીજા જ દિવસે ગેસ સિલિન્ડર તમારા ઘરે પહોંચી જશે. લોકો ગેસની અછતથી ચિંતિત હોવાથી આ લાલચમાં આવીને છેતરાઈ રહ્યા છે. આ સાયબર ફ્રોડ મુખ્યત્વે ત્રણ સ્ટેપ્સમાં કામ કરે છે. સૌથી પહેલા Faceboko, Instagram કે Google પર નકલી એડ બતાવવામાં આવે છે, જેમાં ત્વરિત ગેસ ડિલિવરીનો વાયદો હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ આ એડ કે લિંક પર ક્લિક કરે છે, ત્યારે તે એક એવી વેબસાઈટ પર પહોંચી જાય છે જે અસલી ગેસ કંપની જેવી જ દેખાતી હોય છે.

# તંત્રી લેખ......

## ટ્રમ્પ એક સમસ્યા બની ગયા છે

ઈરાને જે રીતે ચેતવણી આપી છે કે વિશ્વએ પ્રતિ બેરલ ૨૦૦ ના ભાવે ક્રૂડ ઓઈલ ખરીદવા માટે તૈયાર રહેવું જોઈએ તે સ્પષ્ટ કરે છે કે તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ ટેક્રરોને પસાર થવા દેશે નહીં, જે તેના પ્રભાવના ક્ષેત્રમાં છે. તેણે હોર્મુઝ સ્ટ્રેટમાં કેટલાક તેલ ટેક્રરો પર હુમલો કરીને પણ આ સંકેત આપ્યો હતો. આમ કરીને, તે ગલ્ફ દેશોમાંથી તેલ અને ગેસ પુરવઠામાં વિક્ષેપ પાડવાનો પોતાનો ઈરાદો દર્શાવી રહ્યું છે. ઓઈલ ટેક્રરો પર હુમલો કરવા ઉપરાંત, તે ગલ્ફ દેશોમાં તેલ અને ગેસ સ્થાપનોને પણ નિશાન બનાવી રહ્યું છે.

પરિણામે, કેટલાક સ્થળોએ તેલ અને ગેસનું ઉત્પાદન બંધ કરવામાં આવ્યું છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઈરાન તેલ અને ગેસ પુરવઠા સંકટને વધુ ઊંડો બનાવવા માંગે છે, જેથી તે વૈશ્વિક આક્રોશ પેદા કરી શકે અને પરિણામે, ગલ્ફ દેશો અને અન્ય દેશો દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ પર ઈરાન પરના હુમલા બંધ કરવા દબાણ કરી શકે. ૧૩૫ દેશો દ્વારા ગલ્ફ દેશોને નિશાન બનાવવા બદલ સંયુક્ત રાષ્ટ્રમાં તેની નિંદા કરતો ઠરાવ રજૂ કરવાથી ઈરાન પ્રભાવિત થશે કે નહીં તે શંકાસ્પદ છે.

ઈરાન પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસ પુરવઠો ખોરવી નાખવા અને લશ્કરી સંઘર્ષને લંબાવવાની પોતાની ઈચ્છા દર્શાવી રહ્યું હોવાથી, યુનાઈટેડ સ્ટેટ્સે વિશ્વ સામે વધી રહેલા ઉર્જા સંકટને સમાપ્ત કરવા માટે સક્રિય પગલાં લેવા જોઈએ. ઈઝરાયલ સાથે મળીને ઈરાન પર હુમલો કરીને, તેણે પશ્ચિમ એશિયાને અસ્થિર અને વિક્ષેપિત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે ઉર્જા પુરવઠા સંકટ પણ ઉભું કર્યું છે.

તેને પહેલા દિવસથી જ ખબર હોવી જોઈએ કે ઈરાન પર હુમલો અને લાંબા યુદ્ધથી તેલ અને ગેસની અછત સર્જાશે, અને સમગ્ર વિશ્વ તેના પરિણામો ભોગવશે. હાલમાં આ જ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. ભારત સહિત ઘણા દેશોને અન્ય સ્રોતોમાંથી તેલ અને ગેસ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. તેમના ભાવ પણ વધી રહ્યા છે. તે નિરાશાજનક અને ચિંતાજનક છે કે અમેરિકા ઈરાનને નિશાન બનાવીને સર્જાયેલી કટોકટીનો ઉકેલ લાવવા માટે ખૂબ ઉત્સુક દેખાતું નથી.

યુએસ રાષ્ટ્રપતિ ઈરાનની લશ્કરી શક્તિને નબળી પાડવાના મોટા દાવા કરી રહ્યા છે, પરંતુ તેઓ ઈઝરાયલ અને ગલ્ફ દેશો પર તેના બદલો લેવાના હુમલાઓને રોકવામાં અસમર્થ છે. તેમનો દાવો કે અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ અને ગેસ ટેક્રરોનો સુરક્ષિત માર્ગ સુનિશ્ચિત કરશે તે પણ પોકળ લાગે છે. અગાઉ પોતાની મનસ્વી ટેરિફ નીતિઓથી બધાને પરેશાન કરનારા અમેરિકી રાષ્ટ્રપતિ હવે પોતાના બેજવાબદાર વલણથી દુનિયા માટે વધુ મોટી સમસ્યા બની ગયા છે. દુનિયાની સાથે અમેરિકાને પણ આની કિંમત ચૂકવવી પડશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૩૨૪, ચાંદીના વાયદામાં રૂ.૧૭૬૨ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪૬ની નરમાઈ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૩૬૪.૮૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૦૧૬૭.૮૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૦૧૯.૨૫ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૪૧૫ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૯૮૫૩૩.૦૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૩૬૪.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૭૦૧૬૭.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૪૧૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૨૬૪.૮૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૦૧૯.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૨૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૪૦૧ અને નીચામાં રૂ.૧૫૮૭૬૪ના મથાળે અથડાઈ, રૂ.૧૬૦૨૭૧ના આગલા બંધ સામે રૂ.૩૨૪ ઘટી રૂ.૧૫૯૯૪૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૩૭ ઘટી રૂ.૧૩૦૮૩૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૧૬૪૧૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૯ ઘટી રૂ.૧૫૯૯૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૯૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૯૭૯ અને નીચામાં રૂ.૧૫૯૭૨૧ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૩૫૯ના આગલા બંધ સામે રૂ.૫૫૯ ઘટી રૂ.૧૬૦૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૬૬૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૯૧૮૬ અને નીચામાં રૂ.૨૬૦૭૫૨ના મથાળે અથડાઈ, રૂ.૨૬૭૯૬૨ના આગલા બંધ સામે રૂ.૧૭૬૨ ઘટી રૂ.૨૬૬૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૮૧૩ ઘટી રૂ.૨૭૧૮૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૦૦૧ ઘટી રૂ.૨૭૧૭૧૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૨૨૨.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૦.૬૫ ઘટી રૂ.૧૧૯૧.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૧ ઘટી રૂ.૩૨૪.૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૦૫ ઘટી રૂ.૩૪૭.૯ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૪૦ પૈસા વધી રૂ.૧૮૮.૬૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૯૬૫૭.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૮૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૦૩ અને નીચામાં રૂ.૪૯૮૦ના મથાળે અથડાઈ, રૂ.૩૧૬ વધી રૂ.૫૦૯૦ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૮૯૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૦૮૭ અને નીચામાં રૂ.૮૬૨૯ના સ્તરને સ્પર્શી, રૂ.૮૮૦૪ના આગલા બંધ સામે રૂ.૧૪૬ ઘટી રૂ.૮૬૫૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૪૬ ઘટી રૂ.૮૬૬૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૩ વધી રૂ.૩૦૨.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૫.૧ વધી રૂ.૩૦૨.૭ના સ્તરે પહોંચ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૯૦ના ભાવે ખૂલી, રૂ.૧.૧ વધી રૂ.૯૮૨.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૧૪૦ વધી રૂ.૨૫૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૧ના ભાવે ખૂલી, રૂ.૧૨ ઘટી રૂ.૨૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૦૧૪.૪૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૦૦૪.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૮૭.૭૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૯.૭૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૯.૮૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૯.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૪૬.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૨૮૮.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૨૨.૯૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૫૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૨૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૧૦૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૦૧૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૫૨૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૫૬૧૩૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૪૩૧૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૭૪૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૧૩૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૧૭૧૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૫૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૮૯૭૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૮૯૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૨૭૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૪૧૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૨૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૮૩ પોઈન્ટ ઘટી ૩૯૪૧૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૨.૬ ઘટી રૂ.૩૯૧.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ વધી રૂ.૨૧.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૭૩૯.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯.૫ ઘટી રૂ.૩૮૮૦ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૪૧ ઘટી રૂ.૧૭.૪૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૧ પૈસા ઘટી રૂ.૦.૩૯ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૬.૦૫ ઘટી રૂ.૪૦૦.૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯ વધી રૂ.૨૨.૧૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૩ ઘટી રૂ.૩૪૨૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮૬.૫ ઘટી રૂ.૪૮૪૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૩ ઘટી રૂ.૨૫૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૧૯.૬ થયો હતો. સોનું માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦.૫ ઘટી રૂ.૨૮૯૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬ વધી રૂ.૫૩૬ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૪ પૈસા વધી રૂ.૬.૭૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૪.૧ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૮૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૧.૬ ઘટી રૂ.૬૩૩.૧૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૫ ઘટી રૂ.૧૯.૮ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧.૫ ઘટી રૂ.૩૦૦૦ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦.૫ વધી રૂ.૪૩૬ થયો હતો.

### ગુજરાતના ખેડૂતો માટે મોટા સમાચાર

# રવિ સિઝન માટે ૩૦ એપ્રિલ સુધી કેનાલમાં અપાશે સિંચાઈનું પાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્યના ખેડૂતોના હિતમાં રવિ સિઝનમાં સિંચાઈ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ? દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં આગામી તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી સિંચાઈ માટે જળ સંપત્તિ હેઠળ આવતી કેનાલમાંથી પાણી ચાલુ રાખવામાં આવશે તેમ જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું.

જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે વધુ વિગતો આપતા કહ્યું હતું કે,રાજ્યમાં ગત ચોમાસું સમય કરતાં વહેલું શરૂ થવાની સાથે મોડું પૂર્ણ થયું હતું. ઉપરાંત પાછોતરા કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો ખરીફ પાક મોટા પ્રમાણમાં નિષ્ફળ ગયો હતો. વળી ચોમાસુ લંબાવવાના કારણે રવિ સીઝનની વાવણી મોડી થઈ શકી હતી. જેથી આ વર્ષે રવિ સીઝનની પાકની લળણીમાં પણ વાર થવાની શકયતાઓ છે. સામાન્યત: રવિ સીઝન માટે જે તે વર્ષના ફેબ્રુઆરી માસના અંત સુધીમાં જળ સંપત્તિ હેઠળની કેનાલમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ પરિસ્થિતિઓ ધ્યાને લઈ ખેડૂત આગેવાનો દ્વારા રવિ સિઝનનું પાણી માર્ચ અને એપ્રિલમાં પણ ચાલુ રાખવાની માંગણી કરવામાં આવી હતી. આ બાબતે ગત તારીખ ૧૧ માર્ચ ૨૦૨૬ ના રોજ ઉચ્ચ કક્ષાની બેઠકમાં ચર્ચા થઈ હતી, તેમાં નક્કી થયા મુજબ ચાલુ વર્ષે રવિ સીઝન પાછળ લંબાયેલ હોવાથી પીવાના પાણી અને અન્ય આરક્ષણને ધ્યાને લઈ ખેડૂતોના હિતમાં રવિ સીઝન માટે આગામી તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી સિંચાઈ માટે જળ સંપત્તિ હેઠળ આવતી કેનાલમાંથી પાણી ચાલુ રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે? તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

ખેતીની જમીનની માપણીમાં કોઈ ભૂલ રહી ગઈ છે અને તમે તેને સુધારવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાઈને થાકી ગયા છો, તો તમારા માટે એક ખૂબ જ રાહતના સમાચાર છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતો અને ગ્રામીણ નાગરિકોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. જે ગામોમાં જમીનની માપણી (પ્રમોલગેશન) પૂરી થઈ ગઈ છે, પણ તેમાં ક્ષતિઓ (ભૂલો) રહી ગઈ છે, તે સુધારવા માટે હવે આખા રાજ્યમાં ભૂમિ સીમાંકન નામની એકસમાન પદ્ધતિ લાગુ કરવામાં આવશે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૧૩/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૯૯૭ | ૪૩૦.૦૦ | ૬૪૦.૦૦ |
| ૨ | મગફળી | ૧૫ | ૯૫૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૭૮ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૭૨.૦૦ |
| ૪ | રાયડો | ૩૦ | ૧,૧૫૦.૦૦ | ૧,૧૯૫.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.૦૦ | ૪૩૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૩૦૦.૦૦ | ૩૪૦.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | ૪૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૫૭૨.૦૦ |
| ૮ | ચણા | ૨૦ | ૯૮૦.૦૦ | ૧,૦૩૫.૦૦ |
| ૯ | તુવર | ૩ | ૧,૩૩૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૧૦ | કપાસ | ૮ | ૧,૨૦૦.૦૦ | ૧,૫૬૭.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૦ | ૯૫૦.૦૦ | ૧,૦૧૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# સાબરકાંઠા જિલ્લાના ઈડરના ડુંગરો પર મોડી રાત્રે વિકરાળ આગ ફાટી નિકળી: અમુલ્ય વૃક્ષો બળીને રાખ: વન્ય પ્રાણીઓ પર તોળાયુ સંકટ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડરીયો ગઢ અને આજુબાજુના ડુંગરાળ વિસ્તારોમાં ગઈ કાલે રાત્રે અચાનક વિકરાળ આગ ફાટી નિકળતા સમગ્ર પંથકમાં ભારે ચિંતા અને ફફડાટ વ્યાપી ઉઠયો હતો. કાળઝાળ ગરમી અને પવનના કારણે આગે જોતજોતામાં રોદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ડુંગર પરના અમુલ્ય વૃક્ષો બળીના ખાખ થઈ ગયા હતા. આગની ગંભીરતાને જોતા ઈડર ફાયર ટીમ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી. આગ વધુ વકરતા હિંમતનગર ફાયર વિભાગની પણ મદદ લેવામાં આવી હતી. ઈડર અને હિંમતનગરની કુલ ૫ ફાયર ફાઈટર અને ૨૪ જેટલા કર્મચારીઓએ મોડી રાત સુધી ઓપરેશન ચલાવ્યુ હતું. સતત ૧૨ કલાકની ભારે મથામણ બાદ શુક્રવારે વહેલી સવારે આગ પર કાબુ મેળવી શકાયો હતો. ઈડરના આ ડુંગરો દિપડા , રીંછ અને અન્ય વન્ય પ્રાણીઓ તેમજ પશુ પક્ષીઓનુ કુદરતી રહેઠાણ છે. આગના કારણે આ અબોલ જીવો ના જીવ પર જોખમ ઉભુ થયુ છે. વન્ય જીવોના આશ્રયસ્થાનો નાશ પામતા પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા જોવા મળી રહી છે. આગ લાગવાનુ ચોકકસ કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. પરંતુ આ વિસ્તાર વનવિભાગના કાર્યક્ષેત્રમાં આવતો હોવા છતાં ઘટના બાદ વન વિભાગ દ્વારા લેવાયેલી ઉદાસીનતાને લઈને જીવદયા પ્રેમીઓ અને પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

### માતા મજુરીએ જાય એટલે આરોપી સગીરાની સાથે અડપલા કરી પોત પ્રકાશતો હતો

# મહેસાણા જિલ્લાના લાંઘણજમાં ૧૫ વર્ષની સગીરાએ ૧૦૮માં બાળકને આપ્યો જન્મ: લાંઘણજમાં મંદિર પાછળ લઈ જઈને યુવકે શરીર સંબંધ બાંધ્યા



પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના લાંઘણજ પોલીસ મથક વિસ્તારમાં આવતા એક ગામમાં માનવતા ને શર્મશાર કરતી ઘટના બહાર આવી છે. જેમાં એક ૧૪ વરસ ૫ મહિનાની સગીરાને લગ્નની લાલચ આપી, ફોસલાવી ગામમાં આવેલા એક મંદિર પાછળ લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાની ફરીયાદ નોંધાઈ છે. આ કેસમાં સગીરા ગર્ભવતી બની જતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. જેના પગલે ભોગ બનનારની માતાએ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગતો મુજબ પીડીત સગીરાની માતા જયારે મજુરી અર્થે જતી હતી ત્યારે સગીરા ગામના મહાકાળી માતાના મંદિર પાસે માતાની પરત આવવાની રાહ જોઈને બેસતી હતી. આ સમયનો લાભ ઉઠાવી જીગરજી ઉર્ફે જીગો વિષ્ણુજી ઠાકોર નામના શખ્સે સગીરા સગીરવયની હોવાનુ જાણવા છતાં તેને પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ સગીરાને મહાકાળી માતાના મંદિર થી વેરાઈ માતાના મંદિરના પાછળના ભાગે આવેલી ખુલ્લી જગ્યામાં અવાર નવાર લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. છેલ્લા ૬ મહિનાના સમયગાળા દરમિયાન આચરેલા આ દુષ્કર્મને કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી. આ બાબતની જાણ પરીવારને થતા ગંભીરતા સમજી માતાએ તાત્કાલીક લાંઘણજ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ મામલે આરોપી જીગરજી ઠાકોર વિરૂધ્ધ બીએનએસની કલમ ૬૪(૨) એમ, ૬૫ (૧), ૧૩૭(૨) તથા પોકસો એકટ હેઠળની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કર્યો છે. હાલમાં પોલીસે આરોપીની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. સમગ્ર બાબતે પીએસઆઈ વાય એ પરમારે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે લાંઘણજ પંથકના એક ગામમાં સગીરાને લલચાવી ફોસલાવી મજુરી કરતા યુવકે દુષ્કર્મ આચર્યુ હતું. સગીરાને ૭ માસનો ગર્ભ રહ્યાની જાણ થઈ હતી. માતાએ ઈજજત જવાની બીકના કારણે આ બાબતે કોઈને જાણ કરી ન હતી. જો કે ગઈ કાલે સગીરાની ડીલીવરી ૧૦૮ માં જ થઈ ગઈ હતી. ત્યારબાદ સગીરા ગાંધીનગર સીવીલમાં દાખલ હતી ત્યાં તેની ફરીયાદ લીધી હતી. આરોપીને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ખાનગી બસમાં લાગેલી આગમાં ૮ મુસાફરો દાઝ્યા, એકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠાથી કરુણ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા હતા. રાજસ્થાન સરહદને અડીને આવેલા બનાસકાંઠાના ધાનેરાના નેનાવા ગામ પાસે આજે વહેલી સવારે એક ખાનગી સ્લીપર ટ્રાવેલ્સમાં ભીષણ આગ ફાટી નીકળી છે. આ દુર્ઘટનામાં એક મુસાફરનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે ૮ જેટલા મુસાફરો દાઝી ગયા છે. તમામ ઈજાગ્રસ્તોને પોલીસના વાહન તેમજ એમ્બ્યુલન્સમાં તાત્કાલિક સારવાર માટે ધાનેરાની રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રાજસ્થાનના જેસલમેરની સ્વાગત ટ્રાવેલ્સ નામની લક્ઝરી બસ જેસલમેરથી મુસાફરો ભરીને અમદાવાદ તરફ જઈ રહી હતી. રાત્રિના સુમારે જ્યારે બસ બનાસકાંઠાના નેનાવા પાસે પહોંચી, ત્યારે અચાનક બસમાં આગની જ્વાળાઓ જોવા મળી હતી. જોતજોતામાં આગે આખી બસને લપેટમાં લઈ લીધી હતી. બસમાં સવાર મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી. આગ એટલી ભયાનક હતી કે મુસાફરોને બહાર નીકળવાની તક પણ માંડ મળી હતી. મોટાભાગના મુસાફરો બારીમાંથી કૂદીને બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, પરંતુ કમનસીબે એક મુસાફરનું આગમાં દાઝી જવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. અન્ય ૮ મુસાફરો આગની ઝપેટમાં આવી જતાં ઘાયલ થયા છે, જેમની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. ધાનેરા રેફરલ હોસ્પિટલના ડોક્ટરો દ્વારા યુદ્ધના ધોરણે સારવાર શરૂ કરી દેવામાં આવી છે. સમગ્ર મામલે ધાનેરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આગ લાગ્યાના સમાચાર મળતાં જ ધાનેરા નગરપાલિકાનું ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવીને કાબુમાં લીધી હતી. છેલ્લા કેટલાક સમયથી ખાનગી સ્લીપર ટ્રાવેલ્સમાં આગ લાગવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે, જે મુસાફરોની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા કરે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

NCPના અમદાવાદ શહેર મહામંત્રી, ઉપપ્રમુખ સહિતના આગેવાનો AAPમાં જોડાયા

# AAPએ NCPના અમદાવાદના સંગઠનમાં પાડ્યું મોટું ગાબડું

## AAP નેતા સાગર રબારીના હસ્તે ખેસ પહેરીને NCPના અમદાવાદના ટોચના નેતાઓ AAPમાં જોડાયા

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટી આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે એકદમ સજ્જ છે અને સાથે સાથે જ બીજી અન્ય પાર્ટીના ઈમાનદાર અને પ્રજાની સેવા કરવાની ભાવના સાથે રાજનીતિમાં જોડાયેલા લોકો આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આજે અમદાવાદ ખાતે આ કડીમાં બીજા મહત્વપૂર્ણ નામો જોડાયા છે. આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી સાગર રબારીની આગેવાનીમાં ખૂબ જ મોટું જોઈનિંગ થયું હતું. એનસીપીના અમદાવાદ શહેર મહામંત્રી દિપક સોલંકી (દાણીલીમડા વોર્ડ), અમદાવાદ શહેર મહામંત્રી કેતન કંસારા (મણિનગર વિધાનસભા), એનસીપી અમદાવાદના ઉપપ્રમુખ નિલેશ પટેલ (ગાંધીનગર દક્ષિણ વિધાનસભા), અમદાવાદના ઉપપ્રમુખ નૈલેશ સોલંકી (ગાંધીનગર દક્ષિણ વિધાનસભા) અને અમદાવાદ શહેર ઉપપ્રમુખ કર્ણિક ઠક્કર (ઈસનપુર - વટવા AC) આજે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. AAP પ્રદેશ મહામંત્રી સાગર રબારીના હસ્તે ખેસ પહેરીને આ તમામ આગેવાનો પોતાના મોટી સંખ્યામાં સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.



હાલ NCPમાંથી આમ આદમી પાર્ટીમાં જોડાયેલા તમામ આગેવાનો આમ આદમી પાર્ટીની અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીની ઈમાનદાર રાજનીતિની વિચારધારાથી પ્રેરાઈને આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

હાલ સમગ્ર ગુજરાતમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા તથા તાલુકા પંચાયતની સીટો માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી રહી છે. આમ આદમી પાર્ટી દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરશે. પ્રથમ તબક્કામાં જિલ્લા અને લોકસભા સ્તરે આગામી ૧૦મી તારીખથી લઈને ૧૫મી તારીખ સુધી અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની સ્ક્રુટિની કમિટીઓ બેઠકો કરશે. તેમાં તમામ દાવેદારો, જેમણે ચૂંટણી લડવા માટે ઈચ્છા દર્શાવી છે, તેઓને મળવામાં આવશે અને સાથે સંગઠનના સાથીઓ સાથે ચર્ચા કરીને પસંદગી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. ત્યારબાદ પ્રદેશ સ્તરે પ્રદેશ ચૂંટણી કમિટી દ્વારા ૧૬મીથી ૧૮મી તારીખ વચ્ચે તમામ ઉમેદવારના નામો અને ચર્ચાઓ પર વિચાર કરવામાં આવશે. ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોના નામ ૨૦મી માર્ચ પછી જાહેર કરવામાં આવશે અને પાર્ટી તમામ સીટો પર મજબૂત ઉમેદવારો સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે.

NCDCના ૧૫ કરોડના કૌભાંડ માટે પીપલ્સ કો. બેક્ના મેનેજર જતિન નાયક જવાબદાર

# પીપલ્સ કો.ઓ બેક્ના મેનેજર જતિન નાયક ધ્વારા ખોટી રીતે ફિઝિકલ વેરિફિકેશન કરી ખાંડનો જથ્થો ખોટો બતાવી લોન મેળવતા ઓલપાડ પોલીસ ધ્વારા ધડપકડ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામે આવેલ શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. માં મંડળીએ પીપલ્સ કો.ઓ બેક્ના મેનેજર જતિન નાયક ના રૂપિયા ૧૫ કરોડના ફ્રોડ કર્યાની ફરિયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમા નોંધવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર તા.૧૭/૧૧/૨૦૨૩ના રોજ મંડળીમા ખાંડ સ્ટોક ૪ હજાર ૨૨ કવીન્ટલ હોય તેમ છતાં પીપલ્સ કો.ઓ બેક્ના મેનેજર ખોટી રીતે ફિઝિકલ વેરિફિકેશન, ખાંડનો જથ્થો ૫૯૪૦૨ કવીન્ટલ નો સ્ટોક બતાવી નેશનલ કો. ઓ. ડેવલોપમેન્ટ કોર્પોરેશન (NCDC) માંથી તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ ૯,૩૫,૯૫૦૦૦/- પુરા ની લોન મંડળીના ખાતામા મેળવી હતી. તેમજ તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ ૨૩૮૦૦ કવીન્ટલ ખાંડના સ્ટોક ઉપર રૂપિયા ૬,૨૯,૨૯,૦૦૦/- ની લોન મેળવેલ હોય જે મળી કુલ રૂપિયા ૧૫,૬૫,૨૪,૦૦૦/- ની લોન મેળવી બદદાનત થી દૂરઉપયોગ કરી ગંભીર ગુનો કરતા (૧)મંડળીના પ્રમુખ પ્રદીપકુમાર ગૌતમભાઈ પંડયા, હાલ રહે.અંકલેશ્વર, અંબેગ્રીન સિટી, તા. અંકલેશ્વર, જિ. ભરુચ (૨) પ્રદીપકુમાર ભગુભાઈ પટેલ , હાલ રહે.૧૦,બીયોનવિલા સોસાયટી, ડીમાર્ટ ની પાછળ કેનાલ રોડ, જહાંગીરપુરા, સુરત, મૂળ રહે. સરસ ગામ,તા.ઓલપાડ, જિ.સુરત (૩) જતિન ઈશ્વરભાઈ નાયક રહે.૪-રાસ્મેશ્વરમ રો-હાઉસ, ગંગેશ્વર મંદિર ની પાછળ, અડાજણ, સુરત ની ધડપકડ કરી કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉપરોક્ત ત્રણેય આરોપીઓ એકબીજાના મેળાપીપણામા ખોટા સ્ટોક પત્રકો બતાવીને પત્રકો ખોટા છે તેવું જાણતા હોવા છતાં NCDC મા રજૂ કરી તેના ઉપર મોટી લોન મેળવી લઈ તે નાણાં ના હપ્તા નહીં ભરી નાણાં ચાંઉ કરી ગંભીર ગુનો આચરેલ છે. આ લોન મેળવવામા ભૂંડી ભૂમિકા પીપલ્સ કો.ઓ બેક્ના મેનેજર જતિન નાયકે ભજવેલ છે. બેક્ ધ્વારા ખોટા પત્રકો બનાવી તેના ફિઝિકલ વેરિફિકેશન ખોટા હોવા છતાં સાચા દર્શાવી બેક્ના મેનેજર જતિન નાયકે NCDC સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે.

મંડળીના પ્રમુખ અને સ્ટોર કીપર તો કાયદા ના જાણકાર હોતા નથી છતાં ગુનામાં ભાગીદારી કરી છે. એટલે તેઓ ગુનેગારો તો છે જ. પરંતુ આ ગુનો કરવામાં પ્રોત્સાહન આપનાર પીપલ્સ કો.ઓ બેક્ના મેનેજર જતિન નાયક જેઓ કાયદા ના જાણકાર અને પીએચડી ડિગ્રી સુધીનો અભ્યાસ કરેલ છે અને બેક્મા મહિને બે થી અઢીલાખ જેટલો પગાર મેળવતા હોવા છતાં મંડળીના હોદેદારો એ આવી રીતે ગેરમાર્ગે દોરી સરકારી સંસ્થા સાથે મંડળીના હોદેદારોને સંસ્થા સાથે છેતરપિંડી કરવા પ્રોત્સાહિત કરે તે કેટલા અંશે વ્યાજબી ગણાય? પીપલ્સ કો.ઓ બેક્ના મેનેજર જતિન નાયક બીજા કેટલા કામમા કાળા હાથ કર્યા છે અને આ ખોટા ફિઝિકલ વેરિફિકેશનમા બીજા કયા અધિકારીઓ સામેલ છે તેની પણ તપાસ થવી જોઈએ.

ગૌચરની જમીનો ઉપર દબાણ કે વેચાણ થયેલ હોય તેવા દબાણ કે વેચાણ ને ગૌ હિતમા રદ કરવા જિલ્લા કલેકટરે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ

# સુરત શહેર જિલ્લામા ગૌચર જમીનો "ચરી" ગયેલા આખલાઓને પાંજરે કોણ પૂરશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત હવે ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ થઈ રહ્યું છે. સુરતની ભૂગોળ હવે બદલાઈ રહી છે. એનું કારણ વિકસતા સુરતમાં સમાવિષ્ટ થયેલા અને થતાં રહેતા ગામડાઓ એને કારણે સુરતની કાયાપલટ થઈ રહી છે એમ કહેવું ખોટું નથી.

પરંતુ શરમની વાત એ છે કે સમાવિષ્ટ થતાં ગામડાઓ અને એમાં આવેલી ગૌચરની જમીનો ગામના જ વહીવટદારો ધ્વારા મોટા માથાઓને કે રાજકીય ઓથ ધરાવતા ખંધા બિલ્ડરોને જ્યારે વેચી મારવામાં આવે છે. ત્યારે હિન્દુ રાષ્ટ્રના ગાણા ગાતા કહેવાતા આ હિન્દુત્વના ઠેકેદારો અને એમને પીઠબળ પૂરું પાડતા ભ્રષ્ટ શાસકો માટે શરમ જનક બાબતથી વધુ શું હોઈ શકે? જ્યાં ગૌચરની જમીન વેચવી અને ગૌચરની જમીન લેવીએ ગુન્હો બને છે. ત્યારે અહીં પણ લેનાર અને વેચનાર બંને ગુન્હેગાર છે.

### ગાયોનું ગૌચર ઝુંટવી લેતા ખંધા બિલ્ડરો

એક બાજુ શહેરમા સમાવિષ્ટ થતાં ગામડાઓની ગૌચર જમીનો ગામના જ કેટલાક વહીવટદારો અને લાગવગીયાઓને કારણે વેચાઈ જતાં શહેરોમા રસ્તે રજળતી રખડતી ગાયો રાહદારીઓના જીવલેણ અકસ્માત કરે છે. તો બીજી બાજુ એ જ ગાય ને બચાવતા જતાં વાહન ચાલક ગંભીર ઈજા પામે છે કે મોતને ભેટે છે. ઘણા કિસ્સાઓમા ગાયના પણ મોત થયાના સમાચારો પણ અખબારોમા ચમક્યા છે.જે અંગે નાગરિકોની સતત ફરિયાદો તંત્રને કરાતી હોવા છતાં એનું કોઈ નિરાકરણ થતું જ નથી.

આનું મોટું કારણ છે ગાયો માટે બનાવેલી ગૌચર જમીનો વેચાઈ જવી એને કારણે ગાયો બિચારી બાપડી બની રસ્તાઓ ઉપરની ગંદકી કે કચરાના ઉકરડા જેવા ઢગલાઓમા જઈ પેટ ભરવા પ્લાસ્ટિક ખાવા મજબૂર બનતી ગૌ-માતા એક બાજુ આપણે કહીએ છીએ કે કીડીને કણ અને હાથીને મણ પરંતુ અહીં આ ભૂખી અને લાચાર ગાયોના નશીબમા એ પણ નહીં હોવાથી પેટનો ખાડો પુરવા રસ્તે પડેલો એંઠવાડ કે કચરો ખાવા ગાય માતા ને મજબૂર બનવું પડે છે.

આમ ગામની ગૌચર જમીનો રાજકીય મોટા મગરમચ્છ જેવાઓને સહારે ગામના જ કહેવાતા વહીવટદારો પાસેથી ખંધા બિલ્ડરો ખરીદી લેતા હોવાને કારણે પણ ગાયોને માટે ઘાસ ચારાની અછત સર્જાય છે. આ ભૂખે, તરસે રખડતી ગાયો જ્યારે દૂધ આપતી બંધ થતી હોય છે. ત્યારે ઢોરનો માલિક પણ રસ્તે રખડતી મૂકી દેતો હોય છે. કારણકે દૂધ નહીં આપતી ગાય માટે એની પાસે ચારો હોતો નથી અથવા એ ગાયો અનાથ બનીને રસ્તે રખડતી થઈ જાય છે. જેનો લાભ કેટલાક લેભાગુ આવારા તત્વો લેતા હોય છે. અને આવા તત્વો રાત્રીના સમયે થ્રી વ્હીલર કે ફોર વ્હીલર જેવા વાહનોમા આવી અનાથ ગાયોને લઈ જઈ કતલખાને વેચી દેતા હોય છે.

ત્યારે અહીં સવાલ એ પેદા થાય છે કે આપણે એકબાજુ ગૌ ભક્ત અને હિંદુ રાષ્ટ્રની વાતો કરીએ છીએ અને બીજી બાજુ આપણા જ રાષ્ટ્રમા ગાયોની ખુલ્લેઆમ કતલ થઈ રહી હોય છતાં ગંભીર મૌન ધારણ કરતાં હોઈએ એવા બેવડા ધોરણો રાખવા કરતાં જેમ મોર પણ રાષ્ટ્રીય પક્ષી છે એમ ગાય ને પણ પવિત્ર પૂજનીય રાષ્ટ્રીય ગૌ માતા તરીકે કેમ જાહેર નથી કરાતી? સરકાર ઉપરથી નીચે સુધી એટલે કે ડબલ એન્જિનની સરકાર હોવા છતાં ગાયની કતલ માટે કોઈ કાયદો કેમ બનાવવામાં નથી આવ્યો?

હવે મૂળ મુદ્દા પર આવીએ તો જે ગામોની ગૌચર જમીનો વેચાઈ ગઈ છે એવી તમામ જમીનો લેનારા અને વેચનારાઓ પાસેથી કલેક્ટર કાયદાકીય કાર્યવાહી કરી જમીનો પાછી લઈ લે અને એ જમીનો શ્રીસરકાર કરે. અને એવી જમીનો ઉપરના દબાણોનું ડિમોલિશન કરી એવી જમીનો વેચનારા અને લેનારાઓ ગમે તેવા ચમરબંધી કેમ ના હોય? એમની ઉપર પગલાં ભરી જેલ ભેગા કરે એ જ ઈચ્છનીય છે. કારણકે રખડતી ગાયો પકડવા જનારી ઢોર પાર્ટી અને પોલીસ સાથે પશુપાલકોને ઘર્ષણ થતાં મારા-મારી જેવા ગંભીર બનાવો બનવાનું મૂળ કારણ પણ ગૌચરની જમીનો વેચાઈ જવાને કારણે જ ઊભું થતું હોય છે.

અને છેલ્લે મુખ્ય અને મહત્વની વાત એ છે કે જે ગૌચરની જમીનો જે આખલાઓ "ચરી" ગયા છે એવા આખલાઓને પાંજરે પૂરી ગૌચરની જમીનો ખુલ્લી કરાવીને કલેકટરે લીલા ઘાસ ચારાની સાથે લચકા ઘાસના વાવેતરની યોજના સરકાર અને ગ્રામજનોના સહકારથી બનાવી ઘાસચારાનું ઉત્પાદન શરૂ કરાવું જોઈએ. અને એવા ઘાસને પાંજરાપોળ અને ગૌશાળાઓમા પુરા પાડવાથી રસ્તે રખડતી ગાયોની ભૂખનો પ્રશ્ન હલ થઈ જશે સાથે રસ્તે રખડતાં ઢોરનો ત્રાસ દૂર થતાં ગાય કે માનવીના મૃત્યુ નહીં થાય. ગાયો કતલખાને જતી બચી જશે. અહીં જરૂર છે માત્ર ને માત્ર કલેકટર અને સરકારે ત્રીજુ નેત્ર ખોલી ગૌચર જમીનો ખાલી કરાવવા મેદાન-એ-જંગમા ઉતરી સાચી ગૌસેવા કરવાનું દ્રષ્ટાંતરૂપ નમૂનો પૂરો પાડવાની.

સમગ્ર સુરત શહેર અને જિલ્લામા ગૌચર ની જમીનો ગેરકાયદેસર પચાવી પાડી હોય તેવી તમામ ગૌચરની જમીનો નો તાત્કાલિક સર્વે કરાવી જેટલી જમીનો ખુલ્લી હોય એટલી જમીનો ઉપર નિયંત્રણ મૂકવામાં આવે અને જે ગૌચરની જમીનો ઉપર દબાણ કે વેચાણ થયેલ હોય તેવા દબાણ કે વેચાણ ને ગૌ હિતમા રદ કરવા જિલ્લા કલેકટરે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

# ગુજરાતમાંથી છેલ્લા બે વરસમાં ૨.૧૩ લાખ કિલોથી વધુનો અખાદ્ય જથ્થો જપ્ત કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનુ બજેટસત્ર ચાલી રહ્યુ છે. બજેટસત્રમાં આજે શુક્રવારે જિલ્લામાં ખાદ્ય પદાર્થોના વેચાણ અને ગુણવત્તા અંગેની ફરીયાદ વારંવાર ઉઠે છે. જે અંતર્ગત રાજયમાં દુધ, ઘી, પનીર અને માવા સહિતની ખાદ્ય સામગ્રી માં ફરીયાદ બાદ તપાસ થાય છે .જે અંગે કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ ખાદ્ય સામગ્રીમાં થતા ભેળસેળ અંગે સવાલ ઉઠાવ્યો હતો.

જેમાં કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ રાજયના વિવિધ જિલ્લામાં એટલે કે કુલ ૨૮ જિલ્લામાં ખાદ્ય પદાર્થોની શુધ્ધતા અંગે સવાલો ઉઠાવ્યા હતા. જે અંગેના જવાબ આપતા વિધાનસભા ગૃહમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ખાદ્ય પદાર્થોની શુધ્ધતાને લઈને લેવાયેલા પગલાની માહિતી આપી હતી. જે અંગે જણાવ્યુ હતુ કે ગુજરાતની સરકારી લેબોરેટરી દ્વારા રાજયના ૨૮ જિલ્લાઓમાંથી ખાદ્ય સામગ્રીના નમુના લેવામાં આવ્યા હતા, જેમાંથી સમગ્ર રાજયમાંથી કુલ ૨૨૪૧૬ જેટલા વિભિન્ન ખાદ્ય સામગ્રીના નમુના લેવાયા હતા. જેમાંથી તપાસના અંતે ૧૧૯૭ નમુના બિન પ્રમાણિત એટલે કે ખાવા લાયક ન હોવાનુ માલુમ પડયુ છે. જયારે ૧૮૨૧૦ નમુનાઓ પ્રમાણિત જાહેર થયા છે. તેમાંથી હજુ ૩૦૦૯ જેટલી ખાદ્ય સામગ્રીના લેવામાં આવેલા નમુનાઓની તપાસ પ્રક્રિયા હેઠળ છે, જો કે જે નમુના લેવામાં આવ્યા તે અંગે આંકડા ચોંકાવનારા બહાર આવ્યા છે.

જે મુજબ છેલ્લા બે વરસમાં આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરતા દુધ, ઘી, પનીર અને માવા સહિતની અન્ય ખાદ્ય સામગ્રીનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. રાજયભરમાંથી કુલ ૨,૧૩,૮૯૭.૬૩૧ કિલો જેટલો અખાદ્ય જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. એટલુ જ નહી પરંતુ વેપારીઓ પાસેથી કરોડો નો દંડ વસુલાયો છે. જેમ કે લોકોના આરોગ્યને જોખમમાં મુકીને




અપ્રમાણિત અને હલકી ગુણવત્તાની પ્રોડકટ વેચનારાઓ સામે સરકારે કડક દંડનીય કાર્યવાહી કરી છે. બિનપ્રમાણિત પ્રોડકટ વેચનારાઓ પાસેથી અત્યાર સુધીમાં કુલ ૨,૩૭,૬૦,૪૪૬ રૂપીયાનો દંડ પણ વસુલવામાં આવ્યો છે. આમ આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ આંકડાઓ બજારમાં મળતી ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા સામે મોટા સવાલ ઉભા કર્યા છે.

# સવા લાખ તો આપવા જ પડે ઓછુ કંઈ નહીઃ રાજકોટમાં ભાજપના પૂર્વ કોર્પોરેટરનો વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના ઉપલાકાંઠા વિસ્તારના પૂર્વ કોર્પોરેટર અને હાલ વોર્ડ નં.૨ ના સક્રિય કાર્યકર્તા તરીકે કાર્યરત અનીલ મકવાણા ગેરકાયદેસર બાંધકામ મામલે મહાપાલિકામાં ફરીયાદ કર્યા બાદ જો તે ફરીયાદ પાછી ખેંચવી હોય તો પૈસા આપવા પડે તેવુ કહીને વાટોઘાટો કરી રહ્યા નો વિડીયો આજે શુક્રવારે સવારથી સોશીયલ મીડીયામાં વાયરલ થતા ભાજપના વર્તુળોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.



વિશેષમાં સોશીયલ મીડીયામાં વાયરલ થયેલા વિડીયોમાં એવા મતલબનો સંદર્ભિત સંવાદ થતો હોવાના દ્રશ્યો બહાર આવ્યા છે કે રવિ રત્ન પાર્ક વિસ્તારમાં ચાલતા કોઈ બાંધકામ મામલે ભાજપના પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણાએ મહાનગરપાલિકામાં ફરીયાદ કરી હતી અને તે ફરીયાદ પાછી ખેંચી લેવા અથવા તો કોઈ એકશન ન લેવામાં આવે તે માટે બાંધકામ કોન્ટ્રાકટર આજીજી કરી રહ્યો છે અને ફરીયાદ પાછી ખેંચવા માટે માંગેલી રકમમાં ઘટાડો કરવા વિનંતી કરી રહ્યો છે. ૩ લાખ રૂપીયાની માંગણી કરી હોવાના સંદર્ભે વિડીયો માં નહી દેખાતો પરંતુ જેનો અવાજ સંભળાય છે તે શખ્સ બાંધકામ કોન્ટ્રાકટર હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. વિડીયોમાં જેનો અવાજ સંભળાય છે તે શખ્સ પૂર્વ કોર્પોરેટરની ૩ લાખ રૂપીયાની માંગણી સામે પોતે ફકત ૬૦ હજાર આપી શકે તેમ હોવાનુ કહે છે. ત્યારે પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણા છેલ્લા સવા લાખ રૂપીયાથી ઓછુ કંઈ નહી તેમ કહીને એકટીવાનો સેલ લગાવી રવાના થઈ જાય છે તેવા દ્રશ્યો વાયરલ વિડીયોમાં જોવા મળે છે.

આજે શુક્રવારે સવાર થી ઉપરોકત વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થતા તેમજ ટીવી ચેનલોમાં પણ પ્રસારીત થતા સમગ્ર રાજકોટ શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અલબત્ત ભાજપના જ વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે આ પ્રકારે અનેક લોકો પાસેથી પૈસા પડાવવા પ્રયાસ કર્યાની વાત બહાર આવી છે. પરંતુ હવે ભોગ બનનાર વધુ લોકો સામે આવે તેવી શકયતા નકારી શકાતી નથી. વિડીયો વાયરલ થયા બાદ પૂર્વ કોર્પોરેટરનો સંપર્ક કરવા ભારતીય જનતા પાર્ટી ના જ અનેક લોકોએ પ્રયાસ કર્યો હતો. પરંતુ મકવાણાએ તેમનો મોબાઈલ સ્વીચ ઓફ કરી નાખ્યો હતો.

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે એ જણાવ્યુ હતુ કે બાંધકામ કરનાર પાસેથી પૈસા માંગતા ભાજપના પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણાનો વાયરલ થયેલો વિડીયો તેમણે સોશીયલ મીડીયામાં નિહાળ્યો છે. પરંતુ તેમનો સંપર્ક કરવા નો પ્રયાસ કરતા મોબાઈલ સ્વીચ ઓફ આવ્યો છે. આ અંગે પ્રદેશ ભાજપમાં જાણ કરાશે ત્યારબાદ ત્યાંથી જે માર્ગદર્શન આવે તે મુજબ આગળની કાર્યવાહી કરાશે.

# શ્રી ગજાનંદ અને શ્રી સહજાનંદ ઘી ના નામે સુરતીઓને ઝેર પીરસાયુંઃ સુરત માંથી નકલી ઘી નુ ધમધમતુ કારખાનુ પકડાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કહેવાતા શહેર સુરતમાં કાયદો વ્યવસ્થા કથળી હોય તેમ ભેળસેળીયા માફીયાઓને સુરતમાં થઈ રહ્યા છે ઘી કેળા**

હિરાનગરી સુરતમાં ફરી એકવાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી ગેંગ પકડાઈ છે. સુરત શહેરના ઉમરા વેલંજા વિસ્તારમાં આવેલા અવસર પ્લાઝામાં ધમધમતા નકલી ઘી ના ઉત્પાદન એકમ પર પોલીસે ત્રાટકીને મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ઉત્રાણ પોલીસને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં જાણવા મળ્યુ છે કે છેલ્લા દોઢ વરસથી આ કારખાનામાં સોયાબીન તેલ અને ડાલડા ઘી માં કેમીકલ ભેળવીને શુધ્ધ ગાયનુ ઘી કહીને બજારમાં વેચવામાં આવતુ હતુ,




આરોપીની ધરપકડ બાદ ઘી બનાવવાની અત્યંત આઘાતજનક પધ્ધતિ બહાર આવી છે. આ ટોળકી પહેલા સોયાબીન તેલ અને ડાલડા ઘી ને ગરમ કરતી હતી ત્યારબાદ તેમાં અસલી ઘી જેવી સુગંધ લાવવા માટે રાસાયણીક એસેન્સ અને ગાયના ઘી જેવો પીળો રંગ આપવા માટે કૃત્રિમ કલરનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ભેળસેળીયા મિશ્રણને શ્રી સહજાનંદ અને શ્રી ગજાનંદ જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડના નામે પેકીંગ કરીને લોકોના રસોડા સુધી પહોચાડવામાં આવતુ હતું. પોલીસે દરોડા દરમિયાન કુલ ૪,૯૪,૯૪૦ લાખ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં ૫૮૩ લીટર તૈયાર નકલી ઘી (જેની કિંમત રૂપીયા ૩.૫૦ લાખ થી વધુ છે ) ૨૨૦૦ જેટલા ખાલી અને ભરેલા ડબ્બા, સીલીંગ મશીન, વજન કાંટો અને મોટી માત્રામાં સોયાબીન તેલનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દુકાન નંબર ૧૦૬ અને ૧૦૮ ને સીલ મારીને તપાસ નો ધમધમાટ શરૂ કર્યો છે. આ કૌભાંડમાં મુખ્ય બે શખ્સો સામેલ હતા. પોલીસે નિહાર ભરતભાઈ મોવલીયાની ધરપકડ કરી છે. જે માર્કેટમાં સપ્લાય અને સેલીંગનુ કામ કરતો હતો. જયારે મેન્યુફેકચરીંગ સંભાળતો પીયુષ વિઠ્ઠલભાઈ સાંગાણી હાલ ફરાર છે. જેને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ઘી ના નમુના લઈ એફએસએલ અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં પરીક્ષણ માટે મોકલ્યા છે. તંત્ર દ્વારા ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે બજારમાં થી ખુબ જ સત્તા ભાવે મળતુ ઘી ખરીદતા પહેલા સાવચેતી રાખવી, ઘી ખરીદતી વખતે તેના પેકીંગ અને યોગ્ય બીલ નો આગ્રહ રાખવો અનિવાર્ય છે. કારણ કે આવી ભેળસેળ સ્વાસ્થ્ય માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે.

# ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે પડતર પ્રશ્નોને લઈ રાજયભરના દિવ્યાંગોનુ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજય સરકારના બજેટમાં દિવ્યાંગો માટે થયેલી જોગવાઈઓથી અસંતોષ ફેલાયો છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા જાહેર કરાયેલી યોજનાઓ અપુરતી હોવાના આક્ષેપ સાથે રાજયભરમાંથી દિવ્યાંગોએ આજે શુક્રવારે સવારે ગાંધીનગરમાં ધામા નાખ્યા હતા. સત્યાગ્રહ છાવણી ખાતે દિવ્યાંગોએ પ્રદર્શન કરીને પોતાના પ્રશ્નો સરકાર સુધી પહોચાડવા માટે પ્રયત્ન કર્યો હતો. જેમાં ખાસ કરીને ૮૦ ટકા થી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોને પેન્શન મળે છે. જેની સામે ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ



લોકોને પેન્શનનો લાભ આપવા માંગણી કરાઈ છે. જેમાં તમામ કેટેગરીમાં સમાન ૫ હજારનુ પેન્શન આપવા માંગ કરાઈ છે. આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૦ ટકા પાસીંગ માર્ક ની પધ્ધતિ રદ કરવા, સરકારી ભરતીમાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવા, સાયકલ યોજના રદ કરીને રાજસ્થાન સરકારની જેમ સ્કુટી આપવા માટેની દિવ્યાંગોની માંગણી છે. માંગણી નહી સંતોષાય તો આગામી સમય વધુ ઉગ્ર આંદોલનની તૈયારી કરાઈ છે.

# પાટણમાં જૂની અદાવતમાં ફાયરિંગ, એક વ્યક્તિનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સિદ્ધપુર

પાટણ શહેરના નિલમ સિનેમા વિસ્તારમાં ગુરુવારે ભરબપોરે જૂની અદાવતમાં થયેલી ફાયરિંગની ઘટનામાં શહેરના બુકડી વિસ્તારમાં રહેતા અને ભેંસોના વ્યવસાય સાથે સંકળાયેલા આધેડનું મોત નીપજ્યું હતું.

બનાવને પગલે જિલ્લા પોલીસ વડા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવી ફાયરિંગ કરી ફરાર થયેલા શખ્સને ઝડપી લેવા શહેર ફરતે નાકાબંધી કરી સીસીટીવી ફૂટેજ તપાસી ચક્રોગતિમાન કરાયાં હોવાનું જાણવા મળ્યું છે.

શહેરના બુકડી વિસ્તારમાં રહેતા અને ભેંસોના વ્યવસાય સાથે સંકળાયેલા યુસુબખાન ચાંદખાન પઠાણ (ઉ.વ. ૫૦) સવારે ૧૧ વાગ્યાના સુમારે નિલમ સિનેમા વિસ્તારમાં ગાડી લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે ઝહીર ઉર્ફે ખોખરા, સાહિદ સાજીદ શેખ અને એઝાઝ ઉર્ફે વેતીયો રસુલભાઈ સિપાઈએ રિક્ષામાંથી ઉતરી યુસુફ ખાનની કાર રોકાવીને ઝહીર ઉર્ફે ખોખરાએ પોતાના હાથમાં રહેલા રિવોલ્વર જેવા હથિયારથી ફાયરિંગ કર્યું હતું.

ગોળી વાગતાં યુસુબખાન પઠાણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.

# "એક ધારાસભ્ય ઐસા ભી"....દેવીપૂજક સમાજના આગેવાનોને વિધાનસભાના દ્વારે લઈ જતા ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/ જૂનાગઢ

હાલ ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિસાવદર મતવિસ્તારના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા સામાન્ય જનતાને લોકશાહીના પવિત્ર મંદિરમાં પહોંચાડવાની અનોખી પહેલ કરવામાં આવી રહી છે. આ જ અનુસંધાને આજે વિસાવદર મતવિસ્તારના વિવિધ ગામોના દેવીપૂજક સમાજના આગેવાનોને ગાંધીનગર આમંત્રિત કરી તેમને વિધાનસભા ગૃહની કાર્યવાહી નજીકથી જોવા અને લોકશાહી પ્રક્રિયાને સમજવાનો અવસર આપવામાં આવ્યો હતો. ગામડાના છેવાડાના વર્ગના લોકોને વિધાનસભા સુધી પહોંચાડવાની આ પહેલને વિશેષ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના જણાવ્યા મુજબ કદાચ પહેલી વાર દેવીપૂજક સમાજના આટલા મોટા પ્રમાણમાં લોકો ગુજરાત વિધાનસભાની મુલાકાતે આવ્યા છે. મને જણાવતા અત્યંત ખુશી થાય છે કે, મારા વિસાવદર મતવિસ્તારના વિવિધ ગામડાઓના દેવીપૂજક સમાજના આગેવાનોને આજે ગાંધીનગર આમંત્રિત કરીને વિધાનસભા ગૃહની કાર્યવાહી બતાવવાનો અવસર મને મળ્યો. દેશની આઝાદી પછી પહેલી વખત કદાચ ગામડે ગામડેથી આખી બસ ભરીને મોટી સંખ્યામાં દેવીપૂજક સમાજના આગેવાનોને ગુજરાતની વિધાનસભા બતાવવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજે ખૂબ ઐતિહાસિક દિવસ છે. દેવીપૂજક સમાજના આગેવાનોને મોટી સંખ્યામાં ગુજરાત વિધાનસભાની મુલાકાત માટે લાવવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે દેવીપૂજક સમાજના લોકો ગામડાઓમાંથી આવી વિધાનસભાની કાર્યવાહી નજીકથી જોઈ શકે તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે ઘણા લોકો માટે આ પ્રથમ વખત છે કે તેઓ ગુજરાતની વિધાનસભા જોવા આવ્યા છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે વિસાવદરના ખેડૂત, શ્રમિક અને સામાન્ય લોકોના આશીર્વાદથી તેમને છેવાડાના માણસને પણ લોકશાહીના આ મંદિરમાં લાવવાનો અવસર મળ્યો છે, જે તેમના માટે ગર્વ અને ખુશીની બાબત છે.તેમણે કહ્યું હતું કે લોકશાહી વ્યવસ્થામાં દરેક સામાન્ય માણસનો હક છે કે તે રાજ્યની વિધાનસભાની કામગીરીને નજીકથી જોઈ અને સમજી શકે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં પણ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પોતાના મતવિસ્તારના ખેડૂતો અને મહિલાઓને વિધાનસભાની મુલાકાત કરાવી ચૂક્યા છે. તેમની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ગામડાના સામાન્ય માણસને લોકશાહી પ્રક્રિયા સાથે જોડવાનો અને તેમને રાજ્યની વિધાનસભાની કામગીરી વિશે જાગૃત કરવાનો છે. વિસાવદર મતવિસ્તારના વિવિધ ગામડાઓમાંથી મોટી સંખ્યામાં આવેલા દેવીપૂજક સમાજના આગેવાનોએ વિધાનસભાની મુલાકાત લઈને આનંદ અને ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.

# ગુજરાતમાં હવે ૧૫ વર્ષ જુના સરકારી વાહનો ફરજીયાત સ્ક્રેપ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા સરકારી વાહનોને રદબાતલ કરવા અને ત્યારબાદ તેના નિકાલ કરવાની કાર્ય પધ્ધતિમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. અત્યાર સુધી અનુભવે એવુ જોવા મળ્યુ હતુ કે માપદંડો પૂર્ણ થવા છતાં વાહનો સમયસર રદબાતલ ન થતા હોવાથી તેની કિંમત ઘટી જતી હતી. જેને ધ્યાને રાખીને આ નવી નીતિ જાહેર કરવામાં આવી છે.

નવી કાર્યપધ્ધતિ મુજબ વાહનોને રદબાતલ જાહેર કરવા માટે નીચે મુજબના માપદંડો નકકી કરવામાં આવ્યા છે. જો વાહન ૧૦ વર્ષ પૂર્ણ કરે અને ૨.૫૦ લાખ કિ.મી. ચાલેલુ હોય તો કચેરીના વડા તેને રદબાતલ જાહેર કરી શકે છે. (૧) જો વાહને ૧૦ વર્ષ પૂર્ણ કર્યા પણ ૨.૫૦ લાખ કિ.મી. ન ફર્યુ હોય અથવા કિ.મી. પૂર્ણ કર્યા હોય પણ વર્ષ બાકી હોય તો ખાતાના વડા નિર્ણય લઈ શકશે (૨) જો વાહન બંને માપદંડો પૂર્ણ ન કરતુ હોય છતાં ઉપયોગમાં લેવાપાત્ર ન હોય તો મિકેનીકલ ડીવીઝનના અધિક્ષક ઈજનેરનો અભિપ્રાય મેળવી વહિવટી વિભાગના વડા મંજુરી આપી શકશે (૩) કેન્દ્ર સરકાર ના જીએસઆર ૨૯ (ઈ) અને કેન્દ્રીય મોટર વાહન નિયમો ૧૯૮૯ મુજબ ૧૫ વર્ષ તેથી વધુ આયુ ધરાવતા તમામ સરકારી વાહનોને હવે ફરજીયાતપણે સરકાર માન્ય મારફતે સ્ક્રેપ કરવાના રહેશે જે વાહનો ૧૫ વર્ષના ન થયા હોય તેનો નિકાલ હરાજીથી કરવો કે સ્ક્રેપ કરવા તે અંગેનો નિર્ણય જે તે મુળ કચેરીએ લેવાનો રહેશે.

## રાજયમાં ગેસ ની અછતને લઈને કોંગ્રેસનુ ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શનઃ અમિત ચાવડા સહિતના નેતાઓ ખભે બાટલા લઈ વિધાનસભા પહોચ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યુ છે. જેની ગંભીર અસર દેશના ઉદ્યોગો પર પડી રહી છે. ત્યારે દેશમાં હાલ ગેસ સીલીન્ડર ની અછત સર્જાતા ગુજરાત વિધાનસભામાં આજે શુક્રવારે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ ગેસ નો બાટલો ખભે નાખીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ ગેસના ખાલી સીલીન્ડર, છાણાં અને લાકડા લઈ વિધાનસભામાં પહોચ્યા હતા અને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યો ડો. શૈલેષ પરમાર, ડો. તુષાર ચૌધરી સહિત અમિત ચાવડાએ પોતાનુ નિવેદન આપ્યુ હતું. ગેસ ની અછત મુદ્દે સરકારનો વિરોધ કરતા તેમણે જણાવ્યુ હતુ કે સરકારની આખા દેશમાં ગેસની અછત સર્જાઈ છે.

વધુમાં ચાવડાએ કહ્યુ હતુ કે પહેલા લોકો નોટબંધીમાં લાઈનમાં ઉભા રહ્યા, કોરોનામાં લોકો ભટકયા, હવે ગેસ લેવા માટે લોકો ભટકી રહ્યા છે. આપણા ગુજરાતમાં પણ આ ગેસની તંગીના કારણે આજે સિરામિક ઉદ્યોગો બંધ થઈ ગયા છે. પાવરલુમ્સ જેવા બીજા ઉદ્યોગો પણ બંધ થઈ ગયા છે. ડેરીઓમાં પણ ઉત્પાદન બંધ થઈ ગયુ છે, એવા સંજોગોમાં સરકારે લોકોને મોંઘવારીમાંથી રાહત તો ન આપી, પણ મોંઘા થયેલા ગેસના સીલીન્ડર લેવા માટે ભટકવુ પડે છે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે બીજા રાજયોમાં ગેસનો બાટલો ૫૦૦ રૂપીયામાં આપવા જાહેરાતો થાય અને ગુજરાતની ગૃહિણીઓને મોંઘો ગેસનો બાટલો લેવા માટે મજબુર બનાવે છે. ગેસનો બોટલ લેવા પણ લાઈનમાં ઉભુ રહેવુ પડે છે. ત્યારે ગુજરાતની ગૃહિણીઓ અને સામાન્ય જનતાનો એક જ અવાજ છે કે એલપીજી, પીએનજી હોય પેટ્રોલીયમ પ્રોડકટસની આપુરતી કરો, વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે સરકારને ખબર હતી કે આ યુદ્ધની પરીસ્થિતિ છે તેવા સંજોગોમાં અહી અછત ઉદભવશે, ગેસ માટે પેટ્રોલીયમ પ્રોડકટ માટે જે અંધાધુંધી ફેલાવવાની શકયતાઓ છે તેની સામે સરકાર જાગૃત થાય તે માટે અમે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છીએ.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે રાજય અને કેન્દ્રની ભાજપ સરકાર ગેસનો પુરતો પુરવઠો સમયસર ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ ગઈ છે. ગેસની અછતને કારણે સામાન્ય જનતા ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. જો સમયસર યોગ્ય પગલા નહી લેવાય તો આવનારા સમયમાં ગેસ માટે અંધાધુંધી જેવી સ્થિતિ સર્જાઈ શકે તેમ છે. ગેસ સીલીન્ડર મેળવવા માટે લોકો લાંબી લાઈનોમાં ઉભા રહેવા મજબુર બન્યા છે.

## દેશના ઈતિહાસમાં પહેલીવાર મુખ્ય ચુંટણી કમિશ્નરને હટાવવા માટે નોટીસઃ શું ૧૯૩ વિપક્ષી સાંસદોની સહીથી જશે જ્ઞાનેશકુમારનુ પદ?

પ્રતિનિધિ,ગાંધીનગર



ભારતના ઈતિહાસમાં એક અનોખી ઘટના બહાર આવી છે. સ્પીકર બાદ મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારને પદ પરથી હટાવવા માટે વિપક્ષે મહાભિયોગ લાવ્યો છે. ૧૯૩ વિપક્ષી સાંસદોએ નોટીસ પર સહી કરી છે,

સુત્રોએ આ માહિતી આપી હતી, સુત્રોના કહેવા પ્રમાણે લોકસભાના ૧૩૦ અને રાજયસભાના ૬૩ સભ્યોએ આ નોટીસ પર સહી કરી છે, શકયતા છે કે આ નોટીસ આજે એટલે કે શુક્રવારે સંસદના કોઈ એક ગૃહમાં રજુ થઈ શકે છે. પણ હજુ સ્પષ્ટ નથી કે કયા ગૃહમાં રજુ થશે, વિપક્ષના એક નેતાએ જણાવ્યુ હતુ કે સાંસદોએ નોટીસ અંગે ખુબ ઉત્સાહ બતાવ્યો અને જરૂરી સંખ્યા પુરી થયા પછી પણ ગઈ કાલે ગુરૂવારે ઘણા સાંસદોએ સહી કરી હતી.

નિયમોઅનુસાર મુખ્ય ચુંટણી કમિશ્નરને હટાવવા માટે લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ અને રાજયસભાના ૫૦ સાંસદોની સહી જરૂરી છે. એક અન્ય સુત્ર મુજબ આ નોટીસ પર વિપક્ષી ગઠબંધન (ઈન્ડીયાના ) ના તમામ પક્ષોના સાંસદોએ સહી કરી છે. આમ આદમી પાર્ટી હવે ભલે આ ગઠબંધનનો સત્તાવાર ભાગ નથી તેમ છતાં પણ તેમના સાંસદોએ નોટીસ પર સહી કરી છે. આ પહેલીવાર છે. જયારે મુખ્ય ચુંટણી કમિશ્નરને હટાવવા માટે આવી નોટીસ આપવામાં આવી છે. સુત્રોના જણાવ્યા અનુસાર નોટીસમાં મુખ્ય ચુંટણી કમિશ્નર વિરૂધ્ધ ૭ આરોપ મુકવામાં આવ્યા છે. જેમાં ૩ મુખ્ય આરોપ પદ પર રહીને પક્ષપાતી અને ભેદભાવપૂર્ણ વર્તન, ચુંટણીમાં થયેલી છેતરપીંડીની તપાસમાં જાણીજોઈને અવરોધ ઉભો કરવો અને મોટાપાયે મતદારોને મતાધિકારથી વંચિત રાખવા, આ સિવાય વિપક્ષી પક્ષોએ અનેક વખત મુખ્ય ચુંટણી કમિશ્નર પર સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટીની મદદ કરવાનો આરોપ મુકયો છે,

ખાસ કરીને મતદાર યાદીની વિશેષ ચર્ચા એસઆઈઆર પ્રક્રિયા અંગે છે. તેમનો આરોપ છે કે આ પ્રક્રિયા કેન્દ્રની સત્તાવાર પાર્ટીને ફાયદો પહોચાડવા માટે કરવામાં આવી રહી છે. પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર પ્રક્રિયા અંગે ખાસ ચિંતા વ્યકત કરવામાં આવી છે. મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસ અધ્યક્ષ મમતા બેનર્જીએ ચુંટણી પંચ પર વાસ્તવિક મતદારોના નામ કાઢી નાખવાનો આરોપ મુકયો છે. મુખ્ય ચુંટણી કમિશ્નરને હટાવવાની પ્રક્રિયા મહાભિયોગ છે. જે સુપ્રિમ કોર્ટ અથવા હાઈકોર્ટના કોઈ જજ ને હટાવવા માટે અપનાવવામાં આવે છે. મહાભિયોગ માત્ર સાબિત થયેલા ખરાબ આચરણ અથવા અયોગ્યતા આધારીત જ લગાડી શકાય છે.

મુખ્ય ચુંટણી કમિશ્નરને પદ પરથી હટાવવાનો પ્રસ્તાવ સંસદના કોઈપણ ગૃહમાં રજુ કરી શકાય છે અને તેને વિશેષ બહુમતીથી પસાર કરવુ જરૂરી છે. જેમાં ગૃહની કુલ સભ્ય સંખ્યા પર આધારીત બહુમતી અને હાજર થતા મતદાન કરનાર સભ્યોમાંથી બે તૃતીયાંશ બહુમતીની જરૂરી છે. મુખ્ય ચુંટણી કમિશ્નર અને ચુંટણી કમિશ્નરોની નિમણુંક સંબંધીત કાયદા અનુસાર મુખ્ય ચુંટણી કમિશ્નરને એ જ રીત અને આધાર પર હટાવી શકાય છે. જેમ સુપ્રિમ કોર્ટના જજ ને હટાવવામાં આવે છે.

## છુટાછેડા માટે કોર્ટમાં આવેલા પતિનો પત્ની પર એસિડ એટેક

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત ફેમેલી કોર્ટમાં સનસનાટી મચી જાય તેવો કિસ્સો બન્યો છે. સુરત ફેમિલી કોર્ટમાં પક્ષકારે પત્ની પર એસિડ ફેંક્યું હતુ. જજની સામે જ વૃદ્ધ પતિએ પત્ની પર એસિડ ફેંક્યું હતું. ઉલ્લેખનીય છે કે, પતિ પત્ની ફેમિલી કોર્ટમાં છુટાછેડાના કેસ માટે આવ્યા હતા. ચોંકાવનારી બાબત એ છે કે, પતિએ પત્ની પર એસિડ ફેંક્યા બાદ પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના કલેક્ટર ભવનમાં ચોથા માળે આવેલી ફેમિલી કોર્ટમાં આજે ધોળા દિવસે એસિડ એટેકની ઘટના બની હતી. શારદાબેન નામની મહિલા ઉપર તેમના પતિ દ્વારા ચાલુ કોર્ટે એસિડ નાખવામાં આવ્યું. એસિડ નાંખનાર બીજો કોઈ નહિ, પરંતું તેના જ પતિ વિનોદ ભાનુસાલી હતો. પતિએ પત્ની પર એટેક ફેંક્યા બાદ, ચાલુ કોર્ટમાં ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પતિપત્ની બંનેની ઉંમર ૬૫થી ૭૦ વર્ષની આજુબાજુ હશે.

એસિડ એટેકને લઈને મહિલાના શરીરના એક બાજુના શરીરમાં ગંભીર ઈજા પહોંચી હતી.

